# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/038 Dt. 10/07/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા હેલ્થ અવેરનેસ અંતર્ગત કેન્સર સ્ક્રીનિંગ વિષે સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ અવેરનેસ અંતર્ગત રવિવાર, તા. ૬ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કેન્સર સ્ક્રીનિંગ વિષય પર સેશન યોજાયું હતું, જેમાં યુનિવર્સલ હોસ્પિટલના ડિરેકટર ડો. મિશલ શાહે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, હેલ્થ અવેરનેસ અંતર્ગત આયોજિત વિવિધ સેશનનો હેતુ લોકોમાં આરોગ્ય સંબંધિત જાગૃતિ ફેલાવવાનો તથા સ્ક્રીનિંગ વિશેના ભ્રમ દૂર કરીને તેઓને રેગ્યુલર હેલ્થ ચેકઅપ તરફ તેઓને પ્રોત્સાહિત કરવાનો હતો.

યુનિવર્સલ હોસ્પિટલના ડિરેકટર ડો. મિશલ શાહે જણાવ્યું હતું કે, કેન્સર એ એવી બીમારી છે કે તેના અંગે જો સમયસર ખબર પડી જાય તો તેનો ઈલાજ શકય છે. સ્ક્રીનિંગ એ સમયસર કેન્સર શોધવાનો સૌથી અસરકારક ઉપાય છે. ખાસ કરીને સ્તન કેન્સર, સર્વાઇકલ કેન્સર અને કોકડા (કોલોન) કેન્સર જેવી કેટલીક પ્રકારના કેન્સર માટે રેગ્યુલર સ્ક્રીનિંગ અભ્યાસ જીવન બચાવી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેન્સર સ્ક્રીનિંગથી ઘણા લોકોને પ્રાથમિક તબક્કે કેન્સર પકડાઈ જતું હોય છે અને સમયસર સારવારથી તેઓ સંપૂર્ણપણે સાજા થઈ શકે છે. સ્ક્રીનિંગ પ્રક્રિયાની સરળતા અને ઉપલબ્ધ વિવિધ ટેકનોલોજી અને તેની સારવાર અંગે પણ તેમણે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. પબ્લીક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઇએ સેશનનું સંચાલન કર્યું હતું. કમિટીના સભ્ય શ્રી નિખિલ વઘાસિયાએ વકતાનો પરિચય આપ્યો હતો. જ્યારે કો–ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.